# વાત ગાંધીનગરની

રવિવાર એટલે ગાંધીનગરમાં આરામનો મહિમા. માર્ગો પર વાહનો તો ન હોય એ સ્વાભાવિક છે પણ કોરોનાના કારણે સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ વિરામ ફરમાવી રહ્યા છે.

- **શહેરમાં કોરોનાના ૧૦૦ દિવસ**

શહેરમાં ૧૮મી માર્ચે કોરોનાનો પ્રથમ કેસ ઉમંગ પટેલનો નોંધાયો હતો. આજે ૨૮ મી જૂને સો દિવસનુ સરવૈયુ જોઈએ તો ૨૦૬ કેસ નોંધાયા, ૭ મૃત્યુ થયા અને લોકડાઉના ૫૬ દિવસમાં શહેરનુ અર્થતંત્ર રફેદફે થઈ ગયુ. ઈતિહાસમાં પ્રથમ વખત સચિવાલય સહિતની સરકારી કચેરીઓ ૫૬-૫૬ દિવસ બંધ રહી અને આજે ૧૦૦ દિવસના અંતે શહેરના વ્યાપાર-ધંધામાં ૭૦ ટકાની ઓટ આવી છે. જેના પગલે શહેરના અર્થતંત્રને કોરોનાએ ઝટકો આપ્યો છે. સો દિવસનુ સરવૈયુ શહેરના ઈતિહાસમાં દુ:ખદ પ્રકરણ તરીકે આલેખાશે.

- **ફિઝિકલ નહી હવે ડીજીટલ**

આજકાલ કોરોનાના કહેર વચ્ચે એકચ્યુઅલ કે ફિઝિકલ કાર્યક્રમો કે બેઠકોના બદલે ડિજિટલ બેઠકોનો ટ્રેન્ડ શરૂ થયો છે. મુખ્યમંત્રીથી લઈ સરકારી અધિકારીઓ વીડિયો કોન્ફરન્સ કે ફેસબુકના માધ્યમથી મીટીંગો કે કાર્યક્રમો યોજે છે. એ સહજ બનતુ ગયુ છે પરંતુ સંસ્થાઓના કાર્યક્રમો પણ હવે ડીજીટલ ફોર્મમાં થવા માંડ્યા છે. પ્રવચનો-ડાયરાઓ, કવિ સંમેલનો ઝુમ એપ્લીકેશનના માધ્યમથી થઈ રહ્યા છે ત્યારે ગાંધીનગર લાયન્સ ક્લબનો સપથવિધિ સમારોહ પણ ઝુમ એપ્લીકેશનના માધ્યમથી યોજાયો હતો. જો કે ગાંધીનગર રોટરી ક્લબની તમામ બેઠકો આજ માધ્યમથી થાય છે.

- **શંકરભાઈ ચૌધરીનુ પલ્લુ ભારે**

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખની વરણીની પ્રક્રિયા માટે ગતિવિધિ તેજ બની છે. રવિવારે ભાજપની કોર કમિટિમાં પેટા ચૂંટણીની રણનીતિ અને પ્રદેશ પ્રમુખના મુદ્દે ચર્ચાઓ થયાનુ મનાય છે. ભાજપના આંતરિક વર્તુળોમાં ચાલતી ચર્ચાઓમાં ચાર નામ જોરશોરથી ગાજે છે. પ્રફુલ્લભાઈ પટેલ, રજનીકાંત પટેલ, ગોરધનભાઈ ઝડફીયા અને શંકરભાઈ ચૌધરી મુખ્યત્વે છે. આ ચારેયમાં શંકરભાઈ ચૌધરીનુ પલ્લુ ભારે બનતુ જાય છે. બાહોશ નેતૃત્વ, ઉત્તર ગુજરાતનુ પ્રતિનિધિત્વ, સહકારી ક્ષેત્રનો બહોળો અનુભવ, ઓબીસી ક્ષેત્રનુ વિશાળ સમર્થન અને અસરકારક વક્તવ્ય એ એમના જમા પાસા છે.

- **નવા વિસ્તારમાં મેયરના પગલાં...**

ગાંધીનગર મહાનગરપાલિકામાં તાજેતરમાં સમાવાયેલા ૧૭ ગામો પૈકી વાવોલમાં પ્રથમ વખત મેયરે ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જોકે વાવોલ ગામની સોસાયટીઓએ પણ પ્રોત્સાહક પ્રતિભાવ આપતા મેયરનો જુસ્સો બુલંદ બન્યો હતો. આગામી દિવસોમાં મનપામાં સમાવિષ્ટ આસપાસના ગ્રામ્ય વિસ્તારના નાગરિકો સાકરની જેમ શહેરમાં ભળી જાય એવી અપેક્ષાઓ વ્યક્ત થઈ રહી છે અને શહેરની સુખાકારી સેવાઓ વિસ્તરતી જાય એવી પણ અભિલાષાઓ ગ્રામજનોમા છે...

- **અને છેલ્લે...**

શહેરના જીમ સંચાલકો હવે રાહ જોઈ રહ્યા છે કે પહેલી જુલાઈથી એમને મંજૂરી મળે અને ફરીથી ગાડી પાટે ચઢે. એવી જ રીતે શહેરના રેસ્ટોરન્ટના માલિકો પણ ૧૧ વાગ્યાના સમય સુધીની મંજૂરીની અપેક્ષા સેવી રહ્યા છે. શહેરના વેપારી આલમ અનલોક-૨માં વધુ છૂટછાટોની રાહ જોઈને બેઠું છે.

# ગ્રામ્યવિસ્તારમાં વધુ ૧૩ કેસ નોંધાયા

## વધુ ૩ દર્દીના સારવાર દરમ્યાન મોત : ગાંધીનગરમાં ૫, માણસામાં ૪, કલોલમાં ૩ અને દહેગામમાં ૧ કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૩ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આજે સારવાર દરમ્યાન ૩ દર્દીના મોત થતાં મૃત્યુઆંક ૩૯ પર પહોંચ્યો છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં આજે કોરોનાની સારવાર દરમ્યાન ૩ વ્યક્તીના મોત થયા છે. જે પૈકી ૨ દર્દી કલોલના છે અને એક ગાંધીનગર તાલુકાના દર્દી છે.

કલોલના જે બે દર્દીના મોત થયા છે તેમાં એક પુરૂષ દર્દી જે છત્રાલનો રહીશ હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મોત થયુ છે. આ ઉપરાંત કલોલમાં એક મહિલા દર્દી જે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ હતી તેનુ સારવાર દરમ્યાન મોત થયુ છે.

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામના અગ્રણી વેપારી જે થોડા દિવસ પહેલા કોરોના પોઝીટીવ જણાયા હતા તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમનું આજે સારવાર દરમ્યાન મોત થયુ છે.

આ અગ્રણી વેપારી સામાજિક રીતે પણ અગ્રણી હતા. તેમના અવસાનના સમાચાર પ્રસરતાં જ ચિલોડા પંથકમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતો જતો મૃત્યુઆંક એ તંત્રની ચિંતાનો મુદ્દો બન્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ કેસોની સંખ્યા ઝડપભેર આગળ વધી રહી છે એટલુ જ નહિ ગ્રીનઝોન ગણાતા વિસ્તારમાંથી કેસો મળતાં તંત્રની ચિંતા બેવડાઈ છે.

જિલ્લામાં આજે જે કેસો મળ્યા છે તેમાં માણસામાંથી ૪ કેસ, ગાંધીનગરમાંથી ૫ તેમજ દહેગામ અર્બનમાંથી ૧ અને કલોલમાંથી ૩ કેસ મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાના બાલવા ગામેથી એક કેસ મળી આવેલ છે જ્યારે અર્બન-૨ માંથી બે કેસ મળી આવેલ છે. તંત્ર દ્વારા કલોલ શહેર અને તેના ગ્રામ્ય વિસ્તારમાં હવે આકરા પગલાં લેવા માટે મન બનાવી લેવામાં આવ્યુ છે તેમજ દંડનીય કાર્યવાહી પણ વધુ અસરકારક રીતે અમલમાં મુકવામાં આવી રહી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

દહેગામ અર્બનમાંથી આજે એક કેસ મળી આવેલ છે. આ પુરૂષ દર્દી પહેલાં ખાનગી દવાખાનામાં સારવાર માટે ગયાનું જાણવા મળેલ છે. જો કે કોઈ ફેર ન જણાતાં તે સરકારી હોસ્પિટલમાં ગયો હતો અને તેનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાંથી વધુ બે કેસ મળ્યા

## સે. ૫-એ અને ધોળાકુવામાંથી કેસ મળ્યા : ૧૯૭ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ : ૩૯ દર્દીઓ સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોના પોઝીટીવના બે કેસ મળી આવેલ છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૨૦૭ થવા જાય છે.

શહેરમાં આજે એક કેસ સે. ૫-એ માંથી મળી આવેલ છે જ્યારે બીજો કેસ ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ધોળાકુવા ગામમાંથી મળી આવેલ છે.

શહેરમાં વધતા જતા કેસોએ તંત્રની ચિંતાનો મુદ્દો બન્યો છે. શહેરમાં કોરોના સંક્રમણની સાથે પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળો વકરે નહિ તેને લઈ પણ તંત્રની ચિંતા બેવડાઈ છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલ બન્ને કેસ લોકલ ટ્રાન્સમિશનના જ હોવાનુ તંત્ર માની રહ્યુ છે. શહેરમાં મોટાભાગના કેસો લોકલ ટ્રાન્સમિશનથી જ થયાનું તંત્ર કહી રહ્યું છે. મોટાભાગના કેસોએ સિમ્ટોમેટીક હોવાનું પણ તંત્ર માની રહ્યુ છે. આ કેસોમાં ઘણા બધા દર્દીઓ અમદાવાદ કનેક્ટેડ હોવાનુ જાણવા મળેલ છે.

સે. ૫-એ માંથી બેંક ઓફ બરોડાના જીઆઈડીસી શાખામાં નોકરી કરતા એક ૩૧ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવકે રાજ્યના આરોગ્ય વિભાગની ગાઈડલાઈન મુજબ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી અને તંત્રને લેખિત બાંહેધરી આપતાં તંત્રએ તે માન્ય રાખેલ છે. મળતી વિગતો પ્રમાણે આ દર્દીના ઘરમાં ત્રણ વ્યક્તીઓને પણ હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર



વાદળો અને સૂરજદાદાની સંતાકૂકડી જાણે પુરી જ થતી નથી. છેલ્લા કેટલાય દિવસોથી આકાશમાં વાદળો ઘેરાય છે અને વરસ્યા વિના છૂટા પડી જાય છે. આ વાદળોની અવરજવર વચ્ચે છૂપાતા સૂરજદાદાની ગરમીના કારણે બફારો અસહ્ય બનતો જાય છે. વાદળો એકદમ ઘેરાય અને આ સંતાકૂકડી બંધ થઈ ધોધમાર વરસાદ વરસે તેવી વસાહતીઓ ઈચ્છા રાખી રહ્યા છે.

# જિલ્લામાં અત્યાર સુધી સિઝનનો ૧૬.૨૮ ટકા વરસાદ નોંધાયો

## સૌથી વધુ દહેગામ તાલુકામાં ૨૭ ટકા વરસાદ થયો : જુન મહીનામાં સિઝનના સરેરાશ ૭૮૧ મી મી સામે ૧૨૭ મી મી વરસાદ નોંધાયો


ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધી સિઝનનો ૧૬.૨૮ ટકા વરસાદ થયો છે. જયારે ચારેય તાલુકામાં સૌથી વધુ વરસાદ દહેગામ તાલુકામાં ૨૭ ટકા નોંધાયો છે. શહેરમાં પણ અત્યાર સુધી સાડા પાંચ ઈચ જેટલો વરસાદ થયો છે. જયારે સૌથી ઓછો વરસાદ કલોલ તાલુકામાં થયો છે. વરસાદી વાદળો મંડરાયેલા રહેતા નગરજનોને આકાર તાપમાંથી રાહત મળી છે પરંતુ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધતા નગરજનો બફારાનો અહેસાસ કરી રહ્યા છે.

ગાંધીનગરમાં આ વર્ષે મેઘરાજાનો મિજાજ કાંઈક અનોખો છે. શહેરમાં થોડા દિવસો અગાઉ તોફાની વરસાદ પણ ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. શહેરમાં અત્યાર સુધી અંદાજે સવા પાંચ ઈંચ વરસાદ વરસ્યો છે. જો કે છેલ્લા આઠ દસ દિવસથી આકાશમાં ઘેરાવ નાંખતા મેઘરાજા વરસતા નથી બે દિવસ અગાઉ નગરના જુના સેકટરો પર હેત વરસાવી ગયેલા વરસાદની ગરમીથી ત્રસ્ત શહેરીજનો નભ તરફ નજર માંડીને બેઠા છે. ખેડુતો પણ વરસાદી દિવસોમાં હવે વાવણીની પ્રક્રીયા આગળ વધે તેની તૈયારીમાં છે. જયારે ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધી સિઝનનો સૌથી વધુ વરસાદ દહેગામ તાલુકામાં થયો છે. જેમાં સિઝનના સરેરાશ વરસાદની સાપેક્ષમા અત્યાર સુધી દહેગામ તાલુકામાં

● અનુસંધાન પાન-૭ પર

## કોટિ કોટિ શુભેચ્છાઓ



માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને દેશના ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ અને પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીના નેતૃત્ત્વમાં ગુજરાત રાજ્યમાંથી રાજ્યસભામાં ચૂંટાવા બદલ
**શ્રી નરહરિભાઈ અમીનને ખુબ ખુબ શુભેચ્છાઓ...**

દશકોસી લેઉવા પાટીદાર સમાજ, ગાંધીનગર
ઉરેન પટેલ — મંત્રી
વિમલ પટેલ — પ્રમુખ

# શંકરસિંહ વાઘેલાને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા કોરોના થતા અમદાવાદની સ્ટર્લિંગ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. કોરોનાના લક્ષણો દેખાયા બાદ શંકરસિંહ વાઘેલાનો કોરોના રિપોર્ટ કરવામાં આવ્યો હતો. શનિવારે તેમનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા ગાંધીનગરના વસંત વગડા નિવાસસ્થાને હોમ ક્વોરન્ટીન કરવામાં આવ્યા હતા. પીએમ મોદીએ પણ શંકરસિંહ વાઘેલાને ફોન કરીને ખબર અંતર પૂછ્યા હોવાનું મીડિયા રિપોર્ટના માધ્યમથી જાણવા મળ્યું છે. ૭૯ વર્ષીય શંકરસિંહ વાઘેલાએ હાલમાં જ એનસીપીના નેશનલ જનરલ સેક્રેટરી અને પાર્ટીના સભ્યપદેથી રાજીનામુ આપી દીધું છે. તેમણે ટ્વિટર પર એક પત્ર જાહેર કરીને પોતાના રાજીનામાની જાહેરાત કરી હતી.

૩ દિવસ પહેલા એનસીપીમાંથી રાજીનામું આપતા પ્રેસ કોન્ફરન્સ પણ કરી હતી. એટલું જ નહીં કોરોના દરમિયાન તેઓ સતત અલગ અલગ વિસ્તારમાં લોકો વચ્ચે ફર્યા હોવાનું પણ સામે આવ્યું છે. આ સમયગાળા દરમિયાન તેમને કોરોનાનો ચેપ લાગ્યો હોય તેવી શક્યતાઓ છે.

# સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટ ફાળવણીમાં આમૂલ પરિવર્તન કરાયું

## બેઝીક ગ્રાન્ટ અને ટાઈડ ગ્રાન્ટ એમ બે હિસ્સામાં અપાશે : ૭૦ ટકા ગ્રામ પંચાયતને ૨૦ ટકા તાલુકા પંચાયતને અને ૧૦ ટકા જિલ્લા પંચાયતને ફળવાશે : નાણાં વપરાશ અંગે પણ આકરી શરતો સામે ગ્રામીણ વિસ્તારમાં રોષ : તલાટીઓની ઘટ પૂરવા માંગ

ગાંધીનગર, તા. ૨૮

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને ૧૫ મા નાણાંપંચની ગ્રાન્ટ ફાળવણીની નીતિમાં ધરમૂળથી ફેરફાર કરવામાં આવ્યો છે.

રાજ્યના પંચાયત વિભાગ દ્વારા આ અંગેની ફાળવણી વિશેની માર્ગદર્શક સૂચનાઓ નાણાંપંચના અહેવાલ મુજબ આપી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આ ગ્રાન્ટ જે અગાઉ ૧૦૦ ટકા ગ્રામ પંચાયતને મળતી હતી તેના બદલે ૭૦ ટકા ગ્રામ પંચાયત, ૨૦ ટકા તા. પંચાયત અને ૧૦ ટકા જિલ્લા પંચાયતને ફાળવવામાં આવશે.

ગ્રામ પંચાયતને જે રકમ ફાળવવામાં આવશે તેમાં ૯૦ ટકા રકમ પંચાયતની વસ્તીના આધારે અને ૧૦ ટકા પંચાયતના વિસ્તારને ધ્યાને રાખી ફાળવવામાં આવશે.

જે ગ્રાન્ટ મળશે તેમાં પણ બે ભાગ પાડવામાં આવ્યા છે. જેમાં ૫૦ ટકા રકમ બેઝિક ગ્રાન્ટ ગણાશે જ્યારે ૫૦ ટકા રકમ ટાઈટ ગ્રાન્ટ તરીકે ફાળવવાની થશે.

રાજયમાં વધતા જતા કોવિડ-૧૯ ના સંક્રમણ તેમજ આરોગ્યની સેવાઓના સઘનીકરણના મુદ્દાને ધ્યાને રાખી ટાઈડ ગ્રાન્ટમાંથી સેનીટેશન, ખુલ્લામાં શૌચ મુક્તિની જાળવણી, પેયજળની સુવિધા, વરસાદી પાણીના સંગ્રહ માટે, પાણીના શુદ્ધિકરણ માટે પંચાયતોએ વાપરવાની રહેશે.

૧૫ મા નાણાંપંચના જે કામો વિકાસના હાથ ધરાશે તેનુ જીઓ ટેગીંગ કરવાનું રહેશે. કામોને લગતુ તમામ સાહિત્ય નિભાવવાનું રહેશે એટલુ જ નહિ તેની મિલ્કત નોંધણીમાં રજીસ્ટર કરી અને આખુ ખાતુ જાળવવાનું રહેશે. આ ઉપરાંત પંચાયતે કામ બેવડાય નહિ તે અંગેનું પ્રમાણપત્ર પણ આપવાનું રહેશે.

સરકારે લાદેલી આકરી શરતોમાં એવુ પણ જણાવ્યુ છે કે જે તે પંચાયત દ્વારા આયોજન થયેલ કામમાં સુધારા ફેરફાર કરવાની જરૂર જણાય તો તે અંગે ગ્રામસભામાં તેની મંજૂરી મેળવવાની રહેશે એટલુ જ નહિ આ પછી સક્ષમ અધિકારીની પણ મંજૂરી મેળવવાની રહેશે.

આ ગ્રાન્ટના હિસાબોની એન્ટ્રી પણ ખાસ સોફ્ટવેરમાં કરવાની રહેશે એટલુ જ નહિ પંચાયતોનું ઓડિટ સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી અને ''સીએજી'' દ્વારા થાય તે પણ સુનિશ્ચિત કરવાનુ રહેશે.

આ માટે જિલ્લા અને તાલુકાકક્ષાએ દર ૩ માસના અંતે સમીક્ષા કરવા ઉપરાંત ગ્રાન્ટના વપરાશને લઈ ખર્ચ વપરાશનું પ્રમાણપત્ર પણ આપવાનું રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરની જનતા માટે મેડીકલ સર્વિસ

જે ઘેર બેઠા મેળવી શકાય

(૧) રૂટિન ઇન્જેક્શન જે ડૉક્ટર સાહેબે લખી આપેલ હોય ઇન્ટ્રા મસક્યુલર (I.M.), ઇન્ટ્રાવીનસ (I.V.) ઇન્જેક્શન આપવામાં આવશે.
(૨) કોઇ હોસ્પિટલ અથવા ડૉક્ટર સાહેબે (I.V.) લખી આપેલ બોટલ ચઢાવામાં આવશે.
(૩) સર્જીકલ ડ્રેસીંગ અથવા પથારીવાળા દર્દી માટે કોઇપણ પ્રકારનું ડ્રેસીંગ કરવામાં આવશે.

ઉપરોક્ત તમામ સેવાઓ હોમ સર્વિસ

સંપર્ક કરો : દશરથભાઇ ચૌહાણ મો. 9998416081
૩૫ વર્ષથી વધુ સમયનો દવાખાનાનો અનુભવ છે.

## મનરેગા યોજના અન્વયે નમુનારૂપ કામગીરી : વાસનનુ તળાવ આખરે

# જંગલી વેલની ચુંગાલમાંથી મુક્ત થયુ

## વાસન ગ્રામ પંચાયતે તાલુકા વિકાસ અધિકારી જી.એ. ધાંધલ્યાને સન્માનિત કર્યા









ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરના વાસણ ગામમાં સ્થિત તળાવ છેલ્લા બે વર્ષથી જંગલી વેલથી ઘેરાયેલુ હતુ .જયારે અનેક પ્રયાસોના અંતે પણ તળાવને જંગલી વેલમાંથી મુકત કરવાની યોજના સફળ થતી ન હતી પરંતુ તાલુકા વિકાસ અધિકારીના પ્રયાસના અંતે મનરેગા યોજના અન્વયે આ તળાવને જંગલી વેલથી મુકત કરવામાં આવ્યુ છે. આ નમુનારૂપ કામગીરી બદલ વાસણ ગ્રામ પંચાયતના સરપંચ તેમજ સભ્યો સહીત ગ્રામજનોએ હર્ષની લાગણી વ્યકત કરી તળાવને જંગલી વેલની જટીલ સમસ્યામાંથી ઉગારવા બદલ તાલુકા વિકાસ અધિકારી જી એ ધાંધલ્યાને સન્માનપત્ર એનાયત કર્યુ છે.

વાસણ ગામમાં માત્રીમાતાજીના મંદિર પાછળ સ્થિત તળાવ જંગલી વેલથી ઘેરાયેલુ હતુ જેના લીધે લાંબા સમયથી આ તળાવ બિનઉપયોગી બની ગયુ હતુ. એક સમયમાં ગ્રામજનો માટે જીવાદોરી સમાન આ તળાવમાં છેલ્લા બે વર્ષથી જંગલી વેલનો ઘેરાવો વધતા નવી

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com